કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/ તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક:WCDD/AMR/e-file/23/2022/1372/B1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/ ૨૫૦/ક.
2. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
3. મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/ સી.એમ.ફંડ.

પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત, આઇસીડીએસ, ધ્રાંગધ્રા-૧ ઘટકના ધ્રાંગધ્રા-૨ સેજાની જડેશ્વર સોસાયટીની આંગણવાડી કેન્દ્ર-૧૪૫/૮માં આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવતા સ્વ. નિરંજનાબેન હર્ષદરાય રાવલના તા.૦૩/૦૫/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//હુકમ//

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ. નિરંજનાબેન હર્ષદરાય રાવલ, આંગણવાડી કાર્યકરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

૩/- સ્વ. નિરંજનાબેન હર્ષદરાય રાવલના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | : | સ્વ. નિરંજનાબેન હર્ષદરાય રાવલ |
| (૨) | હોદ્દો | : | આંગણવાડી કાર્યકર, આંગણવાડી કેન્દ્ર-૧૪૫/૮ |
| (૩) | કર્મચારીનું અવસાન થયા તારીખ | : | ૦૩/૦૫/૨૦૨૧ |
| (૪) | અવસાન પામનારનું સરનામું | : | રહે. જડેશ્વર સોસાયટી, હળવદ રોડ, ડિશવાળાની બાજુમાં, ધ્રાંગધ્રા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેદ્રનગર<br>પિનકોડ-૩૬૩૩૧૦ |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ | : | શ્રી સતિષભાઈ પ્રાણશંકર મહેતા(પતિ)<br>સંબંધ: પતિ |
| (૬) | બેંક ખાતાની વિગત | | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,<br>ખાતા નં.૫૬૧૦૦૦૯૫૯૩<br>બ્રાંચ નામ:DHRAGADHRA,<br>IFSC: SBIN0060100<br>MICR:363002052 |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૦૬/૦૨/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવે છે.

Signature Not Verified
Signed by:Satish Patel
Section Officer (I/C)
Date: 2023.02.16
14:18:56 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***
(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)

(૬) સ્વ. નિરંજનાબેન હર્ષદરાય રાવલના આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર મારફત)

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.

(૮) શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Satish Patel
Section Officer (I/C)
Date: 2023.02.16
14:18:56 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign